
R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

NOVEMBER - 2016
Total - 36 Pages
Vol No. 60 Issue No. 8



**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત**

**શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા)**

**પુરસ્કૃત ઉપનગર વિભાગ**

# દ્વિતિય પ્રોગ્રામ

# "નવું નાટક"

**સ્થળ** : શ્રી પ્રબોધન ઠાકરે નાટયમંદિર, ચામુંડા સર્કલની પાસે, બોરિવલી (વેસ્ટ)

**તારીખ** : ૨૯-૧-૨૦૧૭, રવિવાર, સમયઃ સવારના ૯.૩૦ કલાકે

**ટિકીટદર** : નીચેના રૂા. ૬૦/-, બાલ્કની રૂા. ૪૦/-

**ટિકીટનું વિતરણ** : તા. ૨૨-૧-૨૦૧૭, રવિવારે સમયઃ સવારે ૯ થી ૧૧ કલાકે

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે.**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ-૪૦૦૦૦૪

૨) **વાંદરા થી ગોરેગામ** : શ્રી અજય પ્રવીણચંદ્ર દોશીઃ બી/૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬.

૩) **મલાડ થી કાંદિવલી** : કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી): એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), મોબાઈલ - વસંત દેસાઈ : ૯૮૨૧૦૫૪૩૨૯

૪) **બોરિવલી થી વિરાર** : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) : સી-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મોબાઈલઃ ૯૮૨૦૦૧૧૫૮૬

**ટિકીટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે.**

**વિતરણના દિવસે ટિકીટો વધશે તો નીચે જણાવેલ સ્થળથી મેળવી લેવી.**

મયુર ટ્રેડીંગ કોર્પોરેશન : ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે,

સંપર્ક : જીગર કડકીઆ - ૯૮૨૦૩૩૧૫૩૫

વધુ વિગત આવતા અંકમાં પ્રકાશિત થશે.

**મંત્રી : ભાવેશ મોદી - ૮૭૯૪૨૨૩૦૪** **સંયોજક : શ્રી કેતન કડકીઆ - ૯૩૨૪૨૨૦૨૧૧**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૮ | ૨૧-૧૧-૨૦૧૬ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# પહેલુ પરોઢ

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

માણસ આશાવાદી છે. ઉજવળ ભવિષ્યની આશા માણસની વર્તમાન તકલીફો હળવી કરે છે અથવા તે પચાવી જવા નવા પ્રાણ પૂરે છે. દિવાળીની અમાસ પત્યા પછી નવા વર્ષના પ્રથમ દિવસનું પહેલુ પરોઢ અંધકારને ચીરીને બહાર આવે છે, ત્યારે તન-મન હર્ષોલ્લાસ થી થનગની ઉઠે છે. નવું વર્ષ નવી વિચારધારા, નવી તક, નવી હૂંફ, નવી આશાઓ સાથે ઉગે છે. આ નવા વર્ષના પ્રથમ પરોઢને વધાવવા તમામ શક્તિઓ કામે લાગી જાય છે. ત્યારે બાળપણની કવિતાઓ અને પરોઢના ગીતો હૃદયસ્પર્શી અને યથાર્થ લાગે છે.

**જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા**
**તુજ વિના ધેનમાં કોણ જાશે ?**

સૂરજનો છડીદાર કૂકડો કુકડે.. કુ... ક કરીને તમસને ભેદે છે.

**માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો .....**

સૂરજના સોનેરી કિરણોથી નભમંડળ ધીમે ધીમે ઝગમગી ઉઠે છે. ઉત્સાહ, સ્ફૂર્તિ, પ્રસન્નતાના લાલ, પીળા, કેસરી રંગોથી ઉભરાતું આકાશ નવા વર્ષના પ્રથમ દિવસમાં નવા જોશનો સંચાર કરે છે. નવો સૂર્યોદય નવા ભાગ્યોદયને લઈને આવે છે. નવા સંકલ્પો લાવે છે. નવું બળ, નવી શક્તિ, નવા વિચાર, નવા સંકલ્પ, નવી દ્રઢતા, નવા પરિપ્રેક્ષ્ય તરફ લઈ જવા આગળ વધે છે.

**જાગો મોહન પ્યારે જાગો**
**નવયુગ ચુમે નૈન તિહારે.. જાત્તો..**
**અહીં સાચા અર્થમાં જાગવાનું છે.**

ગત વર્ષ અથવા વિતેલા વર્ષોની ખામીઓને ખંખેરીને નવેસરથી શુભ શરૂઆત કરવાની છે. જીવન સફળતાના રાહે લઈ જવાનું છે. જે પ્રકાશ બહાર પથરાયો છે તે ભીતરમાં પણ છે તેને ઉજાગર કરીને જીવન મંગલ બનાવવાનું છે.

## સ્ટેશન પરના ચિતરામણ

જાણે અફાટ સમુદ્રમાંથી મરીનલાઈન્સ સ્ટેશનની ગાડીઓ આવતી જતી હોય તેવું જ લાગે. મરીનલાઈન્સ સ્ટેશને જવા પારસી ડેરી થી આગળ બ્રિજ પરથી ૧ નંબરના પ્લેટફોર્મ પર પહોંચવા જેવા ટિકિટબારીની બાજુના પગથિયા ઉતરો તો પાણીની અંદર પહોંચતા હોય તેવું ત્યાંની ભીંતના ચિત્રો પરથી સમજાય. દરિયાના ઉછળતા મોજા વચ્ચે ૧ નંબર પર પહોંચતા પહેલાં ગોળાકાર દરવાજા પરથી અસંખ્ય માંછલીઓ ગોળાકારમાં તરીને જતી હોય અને આપણે એમાંથી આગળ વધવાનું. વિધ વિધ સ્ટેશન ઉપર વિવિધ વિચારધારા સાથે ઉભરાતા ચિત્રો આનંદની લહેર પ્રસરાવી દે છે. બેઘડી ઉભા રહી ચિત્રો જોવા મજબૂર કરે છે અને અચાનક દિલ દિમાગ સ્વપ્ન નગરીમાં પહોંચી જાય છે. આટલી હાયવોય અને આટલા લોહીઉકાળા વચ્ચે સાવ નિરમ્ય શાંતિનો અહેસાસ કરાવતા અફલાતૂન ચિત્રો, પગ પાછા બાળપણ તરફ લઈ જાય તેવા આનંદ રેલાવતાં રંગબેરંગી ચિત્રો.

કાંદિવલી વેસ્ટમાં ૧ નંબર પર વચ્ચેની ટિકિટબારીના ભીંતચિત્રો તમને ગુજરાતના ગામડાંની ઘરદિવાલોની યાદ અપાવે. મન ઓવારી જાય તેવા લાવણ્યમય વિવિધ રંગોના ઉપયોગથી બનાવેલી દિવાલની ડિઝાઈન, ઘરના વરંડાના થાંભલા પરની ડિઝાઈન તમને મુંબઈનું ભાન ભૂલાવી દે. કાંદિવલી (વેસ્ટ)માં ફાટક પાસેથી એક્સેલેટર થી ઉપર ટિકિટબારી તરફ જતાં ટિકિટબારીની દિવાલો પર બાળપણના વિવિધ રમતોના ચિત્રો કંડાર્યા છે. પગથિયા કૂદતી છોકરી, સાપસીડી, મલ્લખમ્, જીમ્નેસ્યમ વગેરે વગેરે બધુ એકદમ બોલકું લાગે. ભીડભાડની તકલીફોમાંથી નજર ઉંચી ઉઠાવો તો સામે આનંદનો આવિષ્કાર રચાયો છે. આ અણમોલ તકને આપણે ઝડપવાની છે.

રંગોની દુનિયા આપણને એક નવા જ વળાંક પર લાવી દે છે. લાલરંગ પ્રેમનું પ્રતિક, કેસરી ઉત્સાહ માટે, સફેદ શાંતિ માટે વગેરે વગેરે પરમકૃપાળુ પરમાત્માએ કુદરતને અનેક રંગોથી નિખાર્યું છે. ભૂરા રંગનું આકાશ, ઘેરા લાલ રંગની માટી, લીલીછમ વનરાજી, સફેદ રણ, સપ્તરંગી મેઘધનુષ વગેરે. આ રંગ પરથી યાદ આવ્યું મને મળેલું ભેટરૂપી પુસ્તક પ્રતિક્રમા. અમારા કુટુંબના મોટાભાઈએ આપેલા આ પુસ્તકમાં રંગ વિશેની માહિતી છે. પરંતુ આ ચિત્રોના સંદર્ભમાં મારે આ રંગોના ગૂઢાર્થ જાણવો હતો. એટલે મેં એમના પાસે મારી વાત રજૂ કરી.

તેમણે મને સમજાવતા કહયું, કલરજ્ઞાન ખૂબ જ ગૂઢ અને બ્રહ્માંડ સાથે સંકળાયેલું છે. જેથી સરળ બને સ્પષ્ટ શરૂઆત ખૂબ જ જરૂરી છે.

નાનપણ થી જ આપણને ઉખાણા રૂપે ખબર છે કે 'લાલ, પીળો અને વાદળીએ મુખ્ય રંગ કહેવાય. બાકીના બીજા બધા મેળવણથી થાય'. ઋતુઓ એ બ્રહ્માંડનો અંશ છે. ચોમાસામાં સત્યકલરનું મેઘધનુષમાં સાત રંગોનો ગોળાકાર પટ્ટો જાણે આકાશે આભુષણ પહેર્યું હોય તેમ સર્જાય છે. જેને અંગ્રેજીમાં VIBGYOU 'વીબગ્યોર' કહીએ છીએ. V એટલે Violete, I એટલે Indigo, B એટલે Blue, G એટલે Green, Y એટલે Yellow, O એટલે Orange અને R એટલે Red.

દરેક ગ્રહોનના અલગ કલર હોય છે. જે આપણને નરીઆંખે દેખાય છે. તે બ્રહ્માંડના રંગો આપણા મગજને સમતોલ રાખે છે. સાતે રંગને પૂઠા પર લગાડી જો ગોળ ફેરવી એ તો આપણને સફેજ કલર જોવામાં આવશે. એ જ જીવન માટે પૃથ્વી ઉપર અનુભવ કરીએ છીએ.

આપણું મગજ પાવરહાઉસ છે. તેમાંથી અનેક કેમીકલ બનીને શરીરને ચલાવે છે. જે કાંઈ કલરની કમી હોય તે શરીરને કેમ પૂરી કરવી તે એસ્ટ્રોલોજીમાં સમજ આપી છે. ચાઈનીસ ફેંગશૂઈમાં તો દરેક કલરનું મહત્વ મનુષ્યજીવનમાં કેવી રીતે પ્રભાવિત કરે છે તે પણ મેં મારી 'પ્રતિક્રમા' બુકમાં આપ્યું છે.

કુદરતે સાત કલરનું મેઘધનુષ, સાત મહાસાગરો અને સાત સૂરોનું જે સંગીત બનાવ્યું છે તે અદ્‌ભૂત છે. મનુષ્ય પણ બ્રહ્માંડનો અંશ છે.

આપણા શરીરમાં સાત ચક્રો એટલે કુંડલીની રચના, ઋષિમુનીઓએ બતાવી છે. જે ચક્રોના પણ અલગઅલગ કલર છે. બ્રહ્માંડ પાંચ તત્વોનું બનેલું છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. તેના અલગ અલગ રંગ છે. આ પાંચ તત્વોને સમતોલનથી રાખતા, શારિરીક, બીમારી સર્જાતી નથી. અપવાદ દરેક વસ્તુના સમજવા માટે કર્મનો સિધ્ધાંત ખૂબ જ કામ કરે છે.

કલરનું મહત્વ સમજવા માટે ખૂબજ ઊંડાણ અને વિસ્તારની જરૂર છે. હું તો સંક્ષિપ્તમાં ચોક્કસ પણે કહીશ કે 'કલરથેરીપી' એ દરેક મનુષ્ય માટે ખૂબ જ ઉપયોગી છે જે આપણને સુખ, શાંતિ અને સમૃધ્ધિ માટે યોગ્ય છે.

જીવનમાં ખુશી, આનંદ, પ્રસન્નતા અને શાંતિ માટે, ચિત્રકળા અને રંગોની મહત્તા સમજવા આ લેખથી પ્રેરણા મળે છે.

જીવન રંગીન અને આનંદમય રાખવું કારણકે જીવન એટલે સત્‌, ચિત્ત, આનંદ અને આનંદની અનુભૂતિ.

તત્વજ્ઞાનના અનેક વિષયોમાં પ્રખર એવા અમારા કુટુંબના મોટા ભાઈને હૃદયપૂર્વકના વંદન. ખરેખર પરમકૃપાળું પરમાત્માની લીલા અકળ છે. તેણે રચેલું સર્વ સત્ય છે. માનવી જેટલો આ સત્યનો સ્વીકાર કરે છે તેટલો તે તેની નિકટ પહોંચે છે. ચિત્રકળા એ પણ પરમકૃપાળુની સાધના છે. ✤✤✤✤✤

**જેમ દરિયો પોતાના નકામા શંખો તથા છિપલાને કિનારે ફેંકી મહામુલા મોતી જેવા રત્નોને સમાવી લે છે. તેમ આપ સૌ આપનો અહંકાર, ક્રોધ, માન, માયા તથા મારા તમારાની ભાવનાને નવા વર્ષના ઉમળકા ભર્યા મોજામાં કિનારે ફગાવીએ. જેમ સમુદ્ર જળચરોના વિષને સમાવી લ્યે છે તેમ જીવનમાં જે ખરાબ બની ગયું છે તે ભુલીને સુસંસ્કાર, સુવિચારોને સમાવી લેવા. નવા વર્ષથી નવા વિચારો જગાવી દરેકને શુભ આશિષ આપીએ. સમુદ્રની આ શિખ, પૃથ્વી પરના માનવીને તેના છિછરા મનને ફગાવી દઈને, પોતાના જેવા વિશાળ હૃદયનાં બનવાની, ''આશા એને છે તમારા દરીયા-દિલની''**

## Please leave me alone

**- નિખિલ પરીખ**

એક ઓફર છે તમને દુનિયાના સૌથી સુંદર સ્થળે ફ્રી વેકેશન મળશે. ત્યાં તમારી પાસે સૌથી મોંઘી સ્પોર્ટસ કાર હશે. લકઝરી વિલા હશે. ખાવા પીવાનું, હરવા ફરવા, રમવાની બધી સગવડ હશે. સુંદરમાં સુંદર કપડાં અને એકસેસરીઝ હશે. ખુબ બધા પૈસા હશે. પણ હા એ બધા પૈસા ઓનલાઈન શોપીંગ માટે જ હશે અને એક નાનકડી શર્ત એ કે એ જગ્યાએ તમારે એકલાં એ જવું પડશે. એક મહિનાના આ સ્ટે માટે તમારી આસપાસ દૂર સુધી કોઈ પણ બીજી વ્યક્તિ હાજર નહી હોય. આવી ઓફર આપને આવે તો આપણામાંથી કેટલાં જણાં આ ઓફર સ્વીકારવા તૈયાર થાય ? કદાચ થોડાં ઘણા થાય પણ ખરાં જે લોકોએ એકલતાનો સ્વાદ ચાખ્યો ના હોય તે. પરંતુ એક મહિના પછી કે અધવચ્ચે જીંદગીમાં આવી કોઈ પણ ઓફર તરફ નજર સુધ્ધાં ન નાખવાના મક્કમ નિર્ધાર સાથે પાછાં આવે.

ભલે કહેવાનું હોય કે ‘માણસ આ દુનિયામાં એકલો આવે છે ને એકલો જ પાછો જાય છે’. પરંતુ કોઈ પણ માણસ આખા જીવન દરમ્યાન એકલો જીવી શકતો નથી. લોટરી લાગી હોય કે યુનીવર્સીટીમાં ફર્સ્ટ આવ્યા હોઈએ તો ખુબ ખુશી થતી હોય પરંતુ કોઈ શેર કરવાવાળું ના હોય તો એ ખુશી ફીકી લાગે છે. દુનિયાના સૌથી સુંદર સ્થળનું સૌદર્ય પણ કોકના સાથ વગર અધુરુ લાગે. ડીઝાઈનર કપડાં અને દાગીના સાથે સુંદર તૈયાર થઈને લગ્નમાં ગયેલી સ્ત્રીની નજર સામેવાળાની નજર માપતી હોય છે. સામેવાળાની નજર એના કપડાં કે દાગીના ઉપર પડે છે કે નહી એની આંખોમાં એ જોઈને પ્રસંશાના કે ઈર્ષ્યાના ભાવ આવે છે કે નહી એ સતત તાંકતી હોય છે. બે ચાર જણાએ પણ જો વખાણ કર્યા કે પછી ક્યાંથી લીધું એવું પુછયું તો બધા પૈસા વસુલ અને આવું કંઈ પણ ના થયું તો ઘરે આવીને પતિનું આવી બને. આપણે ભલે કહીએ કે હું, મને ગમે છે એટલે પહેરુ છું. મને ગમે એટલે ખરીદું છું. મર્સીડીસ મારો શોખ છે મારે કોઈને દેખાડવું નથી. પરંતુ મનના દરેક સ્તરે એ ઈચ્છતાં હોય છે કે કોઈ જુએ કોઈ વખાણે. અહંકાર નહી કરું પણ આત્મસંતોષ પણ ત્યારે જ થાય જ્યારે કોક જોવા વાળુ હોય. સબ ટીવી વાળાએ સુંદર ટેગ લાઈન બનાવી છે. ‘જીંદગી કા મઝા સબ કે સાથ આતા હૈ’. ખુશી કદાચ વહેંચવાથી જ બમણી થતી હોય છે. કદાચ એટલે જ ખુશીની પાર્ટીઓ થતી હોય છે. પેડાં કે ચોકલેટો વહેંચાતી હોય છે. લગ્નોમાં હજારો લોકોને આમંત્રણ અપાતાં હોય છે.

સામી બાજુ દુઃખમાં પણ એકલતાં ભયાનક બની જાય છે. રડવા માટે કોકનો ખભો દરેક માણસને જોઈતો જ હોય છે. મારા દુઃખે દુઃખી થવાં વાળું કોક છે. કે દુઃખમાં મારી પડખે ઉભુ રહેનાર કોક છે. એ અહેસાસ જ આપણું દુઃખ અડધુ હળવું કરી નાખે છે. કોક આપણા દુઃખની વાત શાંતિથી સાંભળે કે આશ્વાસનના બે શબ્દ કહે એટલું જ આપણા માટે બસ થઈ પડે છે.

આમ સુખ હોય કે દુઃખ માણસને માણસની જરૂર પડે જ છે. અને એટલે જ સમાજ વ્યવસ્થા રચાઈ હશે. પરંતુ દરેક વ્યવસ્થાની એક નેગેટીવ બાજુ પણ હોય છે. આપણા સુખની ઉજવણીમાં હાજર રહેનારા દરેક લોકો આપણા શુભચિંતક હોય કે આપણા સુખથી સુખી થનારા હોય એવું જરૂરી નથી હોતું. ‘નસીબનો બળિયો બાકી મોઢા ઉપરથી માખ નથી ઉડતી’ કે આતો મામાનો સપોર્ટ હતો બાકી એના કરતાં તો મારો બકો હજાર ઘણો હોશિયાર છે’ કે પછી ‘બ્લેકના પૈસે મજા’ કરે છે. કેટલી ચોરી ને કેટલું ડુપ્લીકેટ વેચે છે. એ તો મને જ

ખબર છે'. કહેનારા પણ આપણી જ પાર્ટીમાં આપણું જ ખાનારા હોય છે. સારા પ્રસંગે અને ખાસ તો લગ્ન પ્રસંગે દુધમાંથી પોરા કાઢનારા ઓની કમી નથી હોતી. સારા પ્રસંગે દરેક પાસે શુભેચ્છા અને દુઆ માંગનાર માટે એટલે જ કવિએ કીધું હશે.

'જગતમાં સર્વને કહેતાં ફરો નહી કે દુઆ કરજો ઘણા એવાય હોય છે જેની દુઆ સારી નથી હોતી'.

દુઃખમાં પણ એવું જ હોય છે. પ્રાર્થના સભામાં ફક્ત મોઢું દેખાડવા અને સૌશ્યલાઈઝ કરવાવાળા વધુ લોકો હોય છે. આપણા દુઃખને અનુભવવાવાળા અને સાંત્વનાના બે શબ્દો દિલથી કહેનારા કેટલાં હોય છે ? જેણે પોતાનો જીવનસાથી ગુમાવ્યો હોય કે સંતાન ગુમાવ્યું હોય તેમના માટેની સહાનુભુતિ પણ લોકો થોડાંક મહિનાઓમાં જ ગુમાવી દેતાં હોય છે. આ બધી તો જોકે સામાન્ય બાબત છે. પરંતુ ઘણા લોકો આવા લોકોને રીતસરના 'વોચ' કરતાં હોય છે. એક દીકરો ગુમાવ્યા પછી કે પતિ ગુમાવ્યા પછી કેવાં કપડાં પહેરે છે શું ખાય છે, શું કરે છે, ક્યાં જાય છે, કોની સાથે જાય છે એની ચોવટ કરીને તેઓના દુઃખની ઉપર નમક છીડકતાં હોય છે. ઘણાં પાછાં આવા લોકોના કર્મોના લેખાંજોખાં પણ જાતે જ કરતાં હોય. 'જો આવું કર્યું હતું તે ફલાણા સાથે એટલે ભગવાને સજા આપી' આવા લોકોને ચિત્રગુપ્ત સાથે ઘરોબો હોય અને દરેકના કર્મોના હિસાબ એ લોકો ચિત્રગુપ્તના ચોપડામાં રોજ વાંચતા હોય છે. ધંધાની નિષ્ફળતાં ને પણ એ લોકો સહજ એમા લાઈટ કરી સકતાં હોય છે, જે પોતે કદી સફળ ન થયા હોય. આપણે ત્યાં દરેક ક્રિકેટ પ્રેમી તેંડુલકર અને ધોની કરતાં ક્રિકેટ વિશે વધુ જાણતાં હોય છે. કીટીપાર્ટી હોય કે મિત્રોની ગ્રુપ મિટીંગ સૌથી વધુ ચર્ચા ને કુથલી બીજાઓની જ થતી હોય છે અને જ્યારે બધા જ સભ્યો હાજર હોય ત્યારે જાણે કંઈજ વાત હોતી નથી. બધા હાજર હોય તો કોની પંચાત કરીએ ને કોની ઉપર હસીએ. ટુંકમાં દરેક માણસને બીજા માણસની જરૂર હોય છે. કોઈ માણસ એકલા જીવી નથી શકતો પરંતુ સાથેના માણસની લાઈફમાં કેટલે સુધી ઈન્વોલ્વ થવું કે કેટલો ચંચુપાત કરવો એ નક્કી કરવાની જરૂર છે. દરેક માણસના પોતાના વિચારો હોય, પોતાના સંજોગો હોય, પોતાના પ્રોબ્લેમસ હોય. આપણે એમાંથી પસાર પણના થયાં હોય તો આપણે એને એનાલાઈઝ શું કામ કરવું જોઈએ અને વણમાંગી સલાહ કે બેકબાઈટીંગ (કુથલી) શું કામ કરવી જોઈએ. આપણાં વિદેશમાં વસતાં લોકોની ફરિયાદ હોય છે કે અહીંતો બાજુના ફ્લેટમાં કે ઘરમાં રહેતાં લોકોને એકબીજાની ખબર નથી હોતી. પણ ભાઈ એની જરૂર પણ શું છે. "They respect other's privacy" આપણે ત્યાં વાટકી વહેવાર સાથે પડોશીની દરેક બાબતમાં માથું મારવાનો પરવાનો મળી જતો હોય છે. આપણી નવી પેઢી, યુવાન પેઢી આ બાબતમાં આપણાથી સુધરેલી છે. એ લોકોને પોતાની અને બીજાની બન્નેની પ્રાયવસી ગમે છે. તેઓ માબાપને પણ વધુ પડતાં સલાહ સુચનો સામે કહી દે છે. "Give me a break" એમની પાસે આપણે આ વસ્તુ અપનાવવા જેવી છે. "We should mind our own business". કોઈ પુછે તો સલાહ આપવી અને બીજાને એનાલાઈઝ કરવાં કરતાં પોતાની જાતને એનાલાઈઝ વધુ કરવી જોઈએ. બીજાને અપાતી સલાહ અને સુચનોમાંથી દસ ટકા પણ જો આપણે અપનાવીએ તો આપણું જીવન વધુ સારું બને.

બાકી તો મહેફીલના માણસો, માણસભુખ્યા માનવીઓ કે મોટું મિત્રવર્તુળ ધરાવતાં અને કદી એકલાં ન રહી શકતાં માણસો પણ વધુ પડતાં Interference (ચંચુપાત) થી કંટાળીને ફરી પાછી એકલતાંની ઈચ્છા ધરાવતાં બોલી ઉઠે છે. "Please leave me alone". મને એકલો છોડી દો.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## ઉપનગર વિભાગના દાંડિયારાસ મુખ્ય મહેમાનનો પરિચય



બાલાસિનોર મુકામે શ્રી રમેશચંદ્ર ઓચ્છવલાલ કડકીયા (બેરા)નો જન્મ તા. ૩૦-૧-૧૯૪૩ના રોજ સ્વ. ગિરજાબેન તથા સ્વ. ઓચ્છવલાલ મગનલાલ કડકીઆ (બેરા)ના કુટુંબમાં થયો હતો. મેટ્રિક સુધીનો અભ્યાસ બાલાસિનોર કોરોનેશન હાઈસ્કુલમાં કરી મુંબઈ સ્થિત નેશનલ કોલેજ બાંદરામાં ઈન્ટર આર્ટસ સુધીનો અભ્યાસ કરી રમેશ ઈલેક્ટ્રિક કોર્પોરેશન નામે વ્યવસાય શરૂ કર્યો જે હાલમાં પણ તેમના દિકરા સાથે કાર્યરત છે.

૧૯૬૧માં પિતાશ્રીનું અવસાન થવાથી તેમના માથે બધી જવાબદારી આવી ગઈ. તેમના લગ્ન ૧૯૬૫માં વસંત પંચમીના દિવસે સ્વ. તારાબેન અને ડૉ. નટવરલાલ મોજીલાલ દોશીની સુપુત્રી નલિનીબેન સાથે થયા.

તેમના ચાર સંતાનોમાં નિલેશ, હેમંક મુંબઈ ખાતે વ્યવસાય કરે છે. જ્યારે પુત્ર નિમિષ અમેરિકામાં સ્થાઈ થયેલ છે અને પુત્રી જીજ્ઞા પરણીને પતિ શ્રી અશોકકુમાર સાથે સ્થાઈ છે, પૌત્રી ખુશ્બુ સર્જરીનું, પૌત્ર કરન અમેરિકામાં M.S. Computer નું, પૌત્ર અક્ષેન કોમ્પ્યુટર એન્જીનીયરીંગનું, પૌત્ર ઋષભ B.E.Computer નો અભ્યાસ કરે છે. પૌત્ર નીવ અને પૌત્રી ભુવી U.S. માં અભ્યાસ કરી રહ્યા છે. પૌત્રી એકતા M.S.Computer Engieering નું ભણીને U.S. માંજોબ કરે છે. રમેશભાઈ અને નલીનીબેન ધાર્મિકપ્રવૃત્તી ધરાવનાર, મિલનસાર, શાંત, સૌમ્ય, મૃદુભાષી સ્વભાવથી સૌના પ્રિયપાત્ર બન્યા છે.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આવા સરળ અને ઉમદાદિલના રમેશભાઈને**
**અતિથિ વિશેષ તરીકે મેળવવા બદલ ગૌરવ અનુભવે છે.**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઉપનગર વિભાગ -દાંડિયા રાસ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગ દાંડિયા રાસ રવિવાર તા. ૧૬-૧૦-૨૦૧૬ને સાંજે ૫.૩૦ વાગ્યાથી કેવલબાગ કાંદિવલી (પશ્ચિમ) ખાતે યોજવામાં આવ્યો હતો. આ શરદપૂનમની રઢિયાળી રાતે સૌ સોનેરી શમણા સજીને આવ્યા હતા. હે પાતળિયા, મારા મનની ભીતરમાં એવું તે શું ભરાયું છે કે એક મને આભનો ચાંદલો ગમે છે ને બીજો તું ઘરમાં, ખેતરમાં, ધરતીના થરમાં, તારા જ સપનામાં, માંરું મન રમ્યા કરે છે. ભમ્યા કરે છે. સાવ અમથું, સાવ અમથું. એક થી એક ચઢિયાતા ગરબા લઈ ને આવ્યા હતા. મનીષ ઓર્કેસ્ટ્રા અને તન મનથી ઝૂમવા, ગરબે ઘુમવા બાલાસિનોરવાસીઓ સમય પહેલા જ પ્રવેશતા નજરે પડયા હતા.

ચણીયા-ચોળી, આભલા ભરેલી ચુંદડી, ભારેખમ હાર-કડલાં, કુરતા, કેડિયા, ચોયણીમાં સજ્જ બાલાસિનોરવાસી જયારે ભવ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશતા હતા ત્યારે નવયુવક સંઘ ઉપરાંત સમાજના ઉમદાદિલ કાર્યકર્તાઓ સૌને આવકારતા હતા. ખેલૈયા, આમંત્રિતોને આવકારવા સંસ્થા અને સમાજના હોદેદારો કાર્યકર્તાઓ શણગારેલા પ્રવેશદ્વાર પાસે, રેશમી લાલ, સફેદ ઝાલરોથી શણગારેલ મેદાનમાં ઓકેસ્ટ્રાના સ્ટેજ પાસે ઠેકઠેકાણે ઉત્સાહભર્યા મિજાજમાં નજરે પડતા હતા. ગરબાના મેદાનના પ્રવેશદ્વાર પાસે ખેલૈયાઓને, આમંત્રિતોને કાજુકતરી આપી મધુર સ્વાગત કરતું હતું. સાથે દરેકને નાસ્તાની, કોલડ્રીંકની ફ્રી કુપન આપવામાં આવતી હતી. ગ્રુપ પ્રમાણે ખેલૈયાઓ પોતાનો બેચ પ્રવેશદ્વાર પાસેથી જ લેતા હતા. ધીમેધીમે એકત્રિત થતાં લોકો જે જે શ્રી ગોકુલેશની આપલે કરતાં, ખબર અંતર પૂછતાં વાતચીત કરતાં નજરે પડતાં હતા. આજના કાર્યક્રમના સંયોજક શ્રી કેતન કડકીઆ સૌને આવકારતા સૌનો ઉત્સાહ વધારી રહ્યા હતા.

સંચાલકે કાર્યક્રમની શરૂઆતમાં શ્રી યમુને મહારાણીની આરતીમાં ઉપસ્થિત રહેવા બાલાસિનોર વાસીઓને નમ્ર વિનંતી કરી હતી. સ્ટેજ પાસે સ્થાપિત શ્રી યમુને મહારાણીની આરતીમાં ઉપસ્થિત સર્વેએ હોંશભેર ભાગલીધો હતો.

સમાજના લોકોને એકમેકથી જોડવા, ભાઈચારો ફેલાવવા, મન થી મન સુધી લઈ જવા શ્રી બા.ન.સં. વર્ષોથી અનેક ઉત્તમ કાર્યો કરે છે. તેમાંનું એક સુંદર નજરાણું એટલે દાંડિયા રાસ. આરતીની પૂર્ણાહુતિ બાદ મનીષ ઓર્કેસ્ટ્રાના સાજિંદા અને ગાયકોએ ગરબાની સુંદર શરૂઆત કરી હતી. સંસ્થાના હોદેદારો, સંયોજક, આમંત્રિત મહેમાનોએ રસભરી શરૂઆત કરતાં પળવારમાં જ આખું મેદાન ગરબાના તાલ થી ઝૂમી ઉઠયું હતું. વયમુજબ બેચ પહેરેલા ખેલૈયાઓ શરૂઆત થી સુંદર નૃત્યની અંગભંગિમા માં તરબોળ થઈ ગયા હતા. વાતાવરણની પ્રસન્નતા અનેકના ચહેરા પર ઝળકતી હતી. ગરબાના જજ તરીકે KES કોલેજના ઈંગ્લિશના પ્રોફેસર શ્રીમતી ઉર્વશીબેન તેજાણી તથા M.K.High school ના ડાન્સ ટીચર શ્રીમતી યોગિતાબેન તન્નાએ સેવા આપી હતી. ગરબાના બે રાઉન્ડ થયા હતા. બંને રાઉન્ડમાં લોકો મનભરીને રમ્યા હતા.

શરદપૂનમના પૂર્ણકળાના ચંદ્રની શીતળતા આપસર્વના જીવનમાં માધુર્ય લાવે તેવી હાર્દિક શુભેચ્છા સંચાલકે સંસ્થાવતી પાઠવી હતી અને ત્યારબાદ શ્રી. બા.ન.સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તેમજ સહમંત્રીને સ્ટેજ પર આવવા વિનંતી કરી હતી. તેમજ સંયોજક શ્રી કેતન કડકીઆને સ્ટેજ પર આવવા વિનંતી કરી હતી. સંઘના પ્રમુખ નમ્ર વિનંતીને માન આપીને આ સમારોહના મુખ્ય મહેમાન શ્રી રમેશચંદ્ર ઓચ્છવલાલ કડકીઆને સ્ટેજ પર લઈ આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મુખ્ય મહેમાનનું સ્વાગત, અભિવાદન

તેમજ પરિચય આપ્યો હતો. શ્રી બા.ન.સંઘના માનનીય પ્રમુખે મુખ્ય મહેમાન શ્રી રમેશચંદ્ર ઓચ્છવલાલ કડકીઆને ચોકલેટ બુકે અર્પણ કરી બહુમાન કર્યું હતું. મંત્રી શ્રી ભાવેશભાઈ મોદીએ મુખ્ય મહેમાનને શાલ અર્પણ કરી અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાને સૌને શુભાષિસ પાઠવી અંતઃકરણપૂર્વક સમાજપ્રત્યેની લાગણી રજૂ કરી હતી. ત્યારબાદ સંસ્થાના પ્રમુખે સંસ્થાના કાર્યકર્તાઓ, સમગ્ર સમાજ માટે હરહંમેશ ખડેપગે કાર્યકરતાં ઉમદા જ્ઞાતિબંધુને સફળ કાર્યક્રમ બક્ષનાર દાંડીયા રાસના સંયોજક શ્રી કેતન કડકીઆને અભિનંદન આપી પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) નાદુરસ્ત તબીયત હોવાને કારણે હાજર રહી શકયા નહતા. તેમના વતી તેમના સુપુત્રી શ્રીમતી વૈશાલીબેન સુનીલકુમાર મોદીને શ્રીમતી જલ્પાબેન ધારીઆએ ચોકલેટ બુકે અર્પણ કરી બિરદાવ્યા હતા. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી સૌમીલ મોદીએ દાંડીયા રાસના જજ શ્રીમતી ઉર્વશીબેન તેજાનીનું બહુમાન કર્યું હતું. અને સહમંત્રી શ્રી નિલેશભાઈ શાહે અન્ય જજ શ્રીમતી યોગિતાબેન તન્નાનું બહુમાન કર્યું હતું. કેવલબાગની ધરતીને ધમધમાવનાર મનીષ ઓર્કેસ્ટ્રાવાળા મનીષભાઈનું બહુમાન આ સમારોહના સંયોજક શ્રી કેતન કડકીઆએ કર્યું હતું.

દર વર્ષે JR. Kg. થી STD-IX ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પારિતોષક એનાયત થાય છે. શ્રીમતી મણિબેન મણિલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ હસ્તે રાજુભાઈ શાહની જાહેરાત કરવામાં આવી હતી. રાજુભાઈ શાહની જગ્યાએ તેમના પુત્રી શ્રીમતી નીતાબેન તથા પુત્રવધુ શ્રીમતી નિલ્પાબેને વિદ્યાર્થીઓને મંચ પરથી સૈક્ષણિક પારિતોષિક આપ્યા હતા. હોંશભેર ઉપસ્થિત સર્વેએ બાળકોને બિરદાવ્યા હતા. ત્યારબાદ દાંડિયા રાસના ઈનામ પાઠવવામાં આવ્યા હતા. દાંડિયા રાસમાં ઈનામો મુખ્ય મહેમાનને હસ્તે આપવામાં આવ્યા હતા. જીજ્ઞાસાપૂર્વક સર્વે પોતાનું નામ જાહેર થવાની રાહ જોતા હતા. એક એક નામની જાહેરાત પછી ગ્રાઉન્ડ ચિચિયારી અને તાળીઓથી ગુંજી ઊઠયું હતું.

આજના સમારોહના સંયોજક શ્રી કેતન કડકીઆએ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સર્વેનો આભાર માન્યો હતો. શ્રી જીગર કડકીઆએ આ કાર્યક્રમને સફળ બનાવનાર સર્વે સ્પોન્સર્સનો આભાર માની નામની જાહેરાત કરી હતી.

**સ્પોન્સર્સના નામ નીચે મુજબ છે.**

- શ્રી સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા)
- શ્રી કેતનભાઈ કડકીઆ,
- શ્રી સુનીલભાઈ મોદી,
- શ્રી બકુલભાઈ શાહ (નગરશેઠ)
- શ્રી જીગરભાઈ કડકીઆ
- શ્રી ગોપાલભાઈ મોદી (મેઘલીયાવાળા)
- શ્રી ઉર્મીલભાઈ કડકીઆ
- શ્રી લલીતભાઈ અને શ્રી વસંતભાઈ દેસાઈ
- શ્રી નીલેશભાઈ અને શ્રી અશ્વીનભાઈ શાહ
- શ્રી રાજુભાઈ શાહ (બેઆની)
- શ્રી બંકીમભાઈ પરીખ
- શ્રી અનીષભાઈ પરીખ
- શ્રી નીખીલભાઈ અને શ્રી દીલીપભાઈ ધારીઆ
- શ્રી અપૂર્વભાઈ પરીખ
- શ્રી પ્રશાંતભાઈ પરીખ
- શ્રી ભદ્રેશભાઈ મોદી
- શ્રી ગુંજનભાઈ કડકીઆ
- વેલવીશર

ત્યારબાદ સહમંત્રી શ્રી નિલેશભાઈ શાહે આભારવિધી રજૂ કરી હતી.

ઓનેસ્ટ કેટરીંગ દ્વારા ઉપલબ્ધ કરાયેલી વાનગીઓ લોકોએ પ્રેમથી આરોગી હતી. અને છેલ્લે સૌ જે જે શ્રી ગોકુલેશના સ્મરણ સાથે છૂટા પડયા હતા.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઉપનગર વિભાગ દાંડિયા રાસ વિજેતાઓની નામાવલી

**GROUP "A" 5 TO 12 AGE**

| GENDER | RANK | BETCH NO | NAME |
|---|---|---|---|
| MELE | 1ST | 25 | Karan P. Patel |
| MALE | 2ND | 27 | Heet Parikh |
| MALE | 3RD | 21 | Harshit Dhariya |
| FEMALE | 1ST | 01 | Dweep Kadakia |
| FEMALE | 2ND | 4 | Heeya S. Shah |
| FEMALE | 3RD | 10 | Diya A. Parikh |
| **BEST DRESS** | | | |
| MALE | | 14 | Khush Modi |
| FEMALE | | 05 | Griva A. Shah |

**GROUP "B" 13 TO 30 AGE**

| | | | |
|---|---|---|---|
| MALE | 1ST | 116 | Aman D. Dharia |
| MALE | 2ND | 114 | Rohan S. Modi |
| MALE | 3RD | 102 | Nishit Parikh |
| FEMALE | 1ST | 107 | Komal R. Shah |
| FEMALE | 2ND | 103 | Anvi N. Desai |
| FEMALE | 3RD | 101 | Devanshi Shah |
| **BEST DRESS** | | | |
| MALE | | 108 | Nikesh R. Shah |
| FEMALE | | 111 | Charmi A. Kadakia |

**GROUP "C" 31 TO 45 AGE**

| | | | |
|---|---|---|---|
| MALE | 1ST | 212 | Neeraj P. Kadakia |
| MALE | 2ND | 218 | Saumil J. Parikh |
| MALE | 3RD | 226 | Dimple M. Modi |
| FEMALE | 1ST | 220 | Khyati K. Modi |
| FEMALE | 2ND | 201 | Trupti K. Kadakia |
| FEMALE | 3RD | 215 | Nishma N. Shah |
| **BEST DRESS** | | | |
| MALE | | 207 | Keyur A. Parikh |
| FEMALE | | 225 | Shatal P. Modi |

**GROUP "D" 46 AND ABOVE AGE**

| | | | |
|---|---|---|---|
| MALE | 1ST | 307 | Rakesh J. Shah |
| MALE | 2ND | 304 | Nilesh C. Parikh |
| MALE | 3RD | 301 | Dakshesh S. Parikh |
| FEMALE | 1ST | 309 | Niketa S. Modi |
| FEMALE | 2ND | 303 | Rashmi G. Parikh |
| FEMALE | 3RD | 310 | Prity Gandhi |
| **BEST DRESS** | | | |
| MALE | | 308 | Nitesh Shah |
| FEMALE | | 305 | Teupti N. Modi |

# બાલાસિનોર મેડિકલ સેન્ટર

મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ - ૭, Contact: 23670169, Email: vdnm.medicaltrust@gmail.com

**સર્વે બાલાસિનોર વાસીઓ,**

## મેડીકલ કેમ્પની તારીખ અને સમય

(૧) કેમ્પ રવિવારના તા. ૨૭-૧૧-૨૦૧૬ના દિવસે સવારે ૮ થી બપોરે ૧.૦૦ સુધી (વધુમાં વધુ ૧૦૦ મેમ્બરો લેવામાં આવશે).

(૨) ૧૦૦ થી વધુ મેમ્બરોની અરજી આવશે તો કેમ્પ શનિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૬ના દિવસે પણ સવારે ૮.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી રાખવામાં આવશે.

(૩) પહેલાં ૧૦૦ મેમ્બરોએ રવિવાર, તા. ૨૭-૧૧-૧૬ના દિવસે આવવાનું રહેશે અને ત્યારબાદ અરજી આપનાર મેમ્બરોએ આગલે દિવસે એટલે કે શનિવાર તા. ૨૬-૧૧-૨૦૧૬ના દિવસે આવવાનું રહેશે.

## કેમ્પનું આયોજન તથા બ્લડ કલેકશન કરવાનું સ્થળ

**બાલાસિનોર મેડિકલ સેન્ટર, મહેતા હાઉસ, ૨જે માળે, ચોપાટી, મુંબઈ - ૪૦૦ ૦૦૭**

## ટેસ્ટની વિગતો

**Thyroid Panel 1 (only for Ladies), TSH, Vitamin D3, Vitamin B12, PSA Total (Only for Gents)**

## ટેસ્ટ માટેના ચાર્જીસ

(૧) Thyroid Panel 1 ટેસ્ટ ફક્ત બહેનો માટે છે.

(૨) PSA Total ટેસ્ટ ફક્ત પુરુષો માટે છે.

(૩) બાકીના ત્રણ ટેસ્ટો જેવાકે SH, Vitamin D3 અને Vitamin B12 બહેનો તથા પુરુષો બંન્ને માટે છે.

(૪) આગળનાં અંકમાં જણાવ્યા મુજબ પાંચ ટેસ્ટોની M.R.P. રૂા. ૪૭૫૦.૦૦ થાય છે. પરંતુ મેટ્રોપોલીસ હેલ્થકેરનાં સૌજન્ય તથા આપણાં પ્રયત્નોથી બહેનોએ ફક્ત રૂા. ૧,૩૦૦/- તથા પુરુષોએ રૂા. ૧,૫૦૦ (જેમાં કુલ ૪ ટેસ્ટનો સમાવેશ કરવામાં આવેલો છે.) આપવાનાં રહેશે.

## ટેસ્ટના Report બાબત

(૧) ટેસ્ટ રીપોર્ટ મેટ્રોપોલીસ હેલ્થકેર લીમીટેડના આવશે.

(૨) જે મેમ્બરોએ ઈમેલની વિગતો આપી હશે તેઓના રીપોર્ટ ૧-૨ દિવસમાં આપણા મેડીકલ સેન્ટરના Email ID (vdnm.medicaltrust@gmail.com) ઉપરથી Forward કરવામાં આવશે અને આ રીપોર્ટની હાર્ડ કોપી આપણા સેન્ટર ઉપરથી મેળવવાની રહેશે.



એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

## અગત્યની સૂચના અને પૈસા ભરવાની તારીખ

૧) કેમ્પમાં વધુમાં વધુ ૨૦૦ વ્યક્તિઓ ભાગ લઈ શકશે. પહેલો તે વહેલો ધોરણે પહેલી ૧૦૦ વ્યક્તિઓએ રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૬ના દિવસે આવવાનું રહેશે તથા ત્યારબાદની ૧૦૦ વ્યક્તિઓએ આગલે દિવસે શનિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૬ના દિવસે આવવાનું રહેશે.

(૨) **કેમ્પ બાલાસિનોર સિવાયની અન્ય વ્યક્તિઓ માટે પણ ખુલ્લો છે જેની નોંધ લેશો.**

(૩) કેમ્પમાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ નીચે મુજબની માંગેલી વિગતો ભરી સાથે રૂા. ૧,૩૦૦/- અથવા રૂા. ૧,૫૦૦/- તા. ૨૫-૧૦-૨૦૧૬ થી તા. ૧૫-૧૧-૨૦૧૬ બપોરે ૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધીમાં સંસ્થાની ઓફીસમાં પહોંચાડવા જરૂરી છે. એક મેમ્બર માટે એક ફોર્મ ભરવું જરૂરી છે. (વધારે ફોર્મ માટે આપ Xerox Copy કઢાવી શકો છો).

(૪) મેમ્બરોને બ્લડ આપવા માટેનો સમય સેન્ટર ઉપર ફોર્મ તથા પૈસા ભરતી વખતે આપવામાં આવશે. સમય આપણો સ્ટાફ જ આપે તે સ્વીકારવો તથા તે મુજબ જ આવવું જરૂરી છે. તે જાણશો.

(૫) વધુ વિગતો તથા ખુલાસા માટે સંસ્થાના પ્રમુખ પંકજ ધારિયા - ૯૮૨૧૦૨૮૭૨ ઉપર તા. ૨૫-૧૦-૨૦૧૬ થી તા. ૧૫-૧૧-૨૦૧૬ સુધીમાં બપોરે ૨ થી ૪ વાગ્યા સુધીમાં જ સંપર્ક કરી શકો છો.

**પંકજ ધારીયા (પ્રમુખ) - ૯૮૨૧૨૨૮૭૬૨** **કિરીટ ધારીયા - નિમીશ કડકિઆ (માનદ્‌મંત્રીઓ)**

---

## મેમ્બરોની વિગતો માટેનું ફોર્મ

Name: ______________________________ Age: ____________

Sex: ________________

Email: ______________ Mobile No: ____________________

Address: __________________________________________________

---

**જ્યોતિપુંજ :** દર મહિનાની ૨૧ તારીખે જ્યોતિ પુંજ જી.પી.ઓ. પોસ્ટ ઓફિસ (વીટી) દ્વારા તમારા સરનામે પોસ્ટ કરાય છે. તેમજ ઓનલાઈન www.balasinor.org પર અપલોડ કરાય છે જેથી તમે તમારા કોમ્પ્યુટર પર પણ જ્યોતિપુંજ વાંચી શકો છો. જ્યોતિપુંજ ન મળતાં હોય તો તમે તમારું નામ, સરનામું એકવાર ચેક કરાવવા માટે શ્રી સમીર ગાંધી (નીકોશી ટ્રેડીંગ કંપની) નો સંપર્ક કરો. સરનામું બદલાયું હોયતો લેટરની બે કોપી લખી ને તેમને જ મોકલાવો. પ્રેસ થી જી.પી.ઓ પોસ્ટીંગ સુધી અમે પૂરેપૂરી તકેદારી રાખીએ છીએ. પરંતુ આ કળિયુગમાં ભ્રષ્ટાચાર અને બેજવાબદારી, બેદરકારી ઘણા ક્ષેત્રમાં પગ કરી ગઈ છે. માટે તમે તમારા એરિયાની પોસ્ટઓફિસમાં સંપર્ક કરો, ફરિયાદ કરો. જ્યોતિપુંજ દર મહિને સમયસર બરાબર મળે તે માટે તમે કોશિશ કરો. પોસ્ટ કરેલ જ્યોતિપુંજ ન મળતા હોય તો તે માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ટ્રસ્ટીઓ, હોદેદારો, સભ્યો કે જ્યોતિ પુંજના મંત્રી તથા તંત્રી તેમજ તંત્રી મંડળના સભ્યો જવાબદાર રહેતા નથી તેની સર્વે એ નોંધ લેવી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

**- મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૪થી બેઠક તા. ૨૧-૧૦-૨૦૧૬ના રોજ શુક્રવારે સાંજે ૬.૪૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા. સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠે ગત મિટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી સુરેન્દ્ર પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોરપોરેશન, શ્રી દક્ષેશભાઈ તથા શ્રી મિનિષભાઈ કડકીઆ) આંતરીક રમત ગમતના સંયોજક શ્રી અજીત મોદીએ જણાવ્યું હતું. ઉપનગર ખાતે કેરમ તથા ચેશની રમત તા. ૨૦-૧૧-૨૦૧૬ રવિવારના રોજ શ્રી શ્રેયાન્સભાઈ તથા શ્રી અપૂર્વભાઈના નિવાસ સ્થાને કાંદિવલી ખાતે યોજાશે. તેમને સહુને હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું.

શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી (-) બીએનએસ જનસાથીના સંયોજક અનઉપસ્થિત હોવાથી શ્રી અલ્પેશ ધારીઆએ જાહેરાત કરી હતી કે જનસાથી ટુનાર્મેન્ટ તા. ૨૨-૧૦-૨૦૧૬ના રોજ થી ચાલુ થશે. સ્થળઃ વિલ્સન જીમખાના તેમને સહુને હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું.

શ્રીજી મેડીકલેમના સંયોજક તથા સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહએ તેમનો માસીક આપ્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) વાર્ષિક રસોત્સવ ના સંયોજક શ્રીમતી અમી ધારીઆએ જણાવ્યું હતુ કે ગ્રાન્ડ રીહરસલ તા. ૫-૧૧-૨૦૧૬ના રોજ રાજસ્થાન મહિલા મંડળ પર રાખેલ છે. ટીકીટોનું વિતરણ તા. ૬-૧૧-૨૦૧૬ના રોજ વિવિધ સેન્ટરો પર રાખેલ છે. ખર્ચને પહોંચી વળવા તેમને સુચન આપ્યું હતું કે થોડી જાહેરખબર ઓપેરા બુકમા લેવી તે સહુએ સ્વીકારી લીધું હતું.

શ્રી શાંતાબેન કાન્તીલાલ દોશી મહિલા વિભાગના સંયોજક શ્રીમતી અમી ધારીઆ એ જાહેરાત કરી હતી સ્નેહ સમેલન તા. ૧૮-૧૧-૨૦૧૬ના રોજ માધવબાગ ખાતે યોજાશે. પાસ વ્યક્તિ દીઠ રૂા. ૨૦૦/- રહેશે.

કુલ ૪ લીવની અરજીઓ આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

૧ લાઈફ મેમ્બરશીપની અરજી આવી તે પસાર કરવામાં આવી હતી. તેમનું નામ શ્રી રાજીવ દીનકર પરીખ.

**પ્રમુખશ્રી આભારમાની સભા બરખાસ્ત કરી હતી.**


શ્રી જતીન નવનીતલાલ દેસાઈ ના જે જે શ્રી ગોકુલેશ

વધાઈ ।।શ્રી ગોકુલેશો જયતિ ।। વધાઈ

# શ્રી ગોકુલેશનાથજી પ્રાગટ્ય મહોત્સવ

સર્વે અનન્ય ભાવી વૈષ્ણવોને જણાવતા આનંદ થાય છે કે અંધેરીમાં આ વર્ષે શ્રી ગોકુલનાથજી પ્રાગટ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે વૈષ્ણવભાઈ-બહેનોને સહકુટુંબ સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ.

**સમસ્ત આયોજન શોભામાં અભિવૃધ્ધી**

## પૂ.પાદ ૧૦૮ શ્રી વલ્લભબાવાશ્રી

**: મનોરથી :**

**ગો.વા.મંજુલાબેન શાંતિલાલ પરીખ (રાઠોડિયા) ગો.વા. શાંતિલાલ સાંકરલલાલ પરીખ (રાઠોડિયા)**

**હસ્તેઃ શ્રી નેનેશ શાંતિલાલ પરીખ, શ્રીમતી નંદા નેનેશ પરીખ,**

**શ્રી જીગર એચ. શાહ, શ્રીમતી ડૉ. દિશા જે. શાહ, ચિ. શિવમ જે. શાહ**

**શાંતિલાલ સાંકરલાલ પરીખ (રાઠોડિયા) પરિવારના જૈ જૈ શ્રી ગોકુલેશ**

**: શુભ દિવસ :**

**તારીખ : ૪-૧૨-૨૦૧૬, માગસર સુદ-૫, રવિવારે સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાકે**

**વધાઈ ગાન, તિલક આરતી, કેસર સ્નાન અને ચરણ સ્પર્શ**

**: ઉત્સવ સ્થળ:**

બી/ ૩૦૨, હેરીટેજ બિલ્ડીંગ, ક્રોસ રોડ નં. ૪, લોખંડવાલા કોમ્પલેક્ષ, અંધેરી (વેસ્ટ),

મોબાઈલઃ ૯૩૨૨૨૨૧૭૩૨ / ૨૬૩૪ ૮૪૩૮

**નોંધઃ સર્વે વૈષ્ણવોની પ્રસાદ લેવાની વ્યવસ્થા છે.**

**: કાર્યક્રમ માટે સંપર્કઃ**

**શ્રી વિનોદભાઈ શાહ- ૯૩૨૩૩૨૯૦૮૭**

**શ્રી શૈલેષભાઈ કડકીઆ - ૯૮૧૯૨૭૬૯૭૦**

**શ્રી દક્ષેશભાઈ પરીખ - ૯૮૨૦૩૪૧૪૩૦**

**શ્રી ગોપાલભાઈ શેઠ - ૯૮૧૯૧૬૮૯૬૧**

**શ્રી ચતુર્થગૃહ હિતવર્ધક પરિવારના જૈ જૈ શ્રી ગોકુલેશ.. શ્રી વલ્લભબાવાશ્રી ગોકુલેશ**

**જ્યાં જ્યાં શ્રી ગોકુલેશ... લેશ ના રહે કલેશ**

**શ્રી ગોકુલેશનાથજી પ્રાગટ્ય મહોત્સવઃ** શ્રી અરૂણભાઈ સુરા (બોરીવલી) - ૯૮૨૦૦૫૯૮૧૫, શ્રી નીલેશભાઈ કડકીઆ (કાંદિવલી) - ૯૮૨૦૧૨૦૫૧૦, શ્રી અશ્વીનભાઈ (કાંદિવલી) - ૯૮૨૦૦૬૪૯૭૩, શ્રી દિલીપભાઈ ગાંધી - ૯૮૨૦૫૪૨૯૧૧, શ્રી મીનેષભાઈ સુરા (કાંદીવલી) - ૯૯૩૦૯૯૯૦૯૦, શ્રી હિતેષ પરીખ (કાંદિવલી) - ૯૩૨૪૪૬૮૮૬૦, શ્રી જીગ્નેશભાઈ દેસાઈ (મલાડ) - ૯૮૧૯૫૬૨૭૯૭, શ્રી પિયુષભાઈ પરીખ - ૯૩૨૩૨૩૯૬૨૫.

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

## સુધારો

Education Scheme for chartered Accountants (C.A.) Course Rs. 5,00,000/-

ઉપરોક્ત સ્કીમને શ્રીજી એજ્યુકેશન સ્કીમ ફોર સ્ટડીસ ઈન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કોર્સના નામે નામાંકરણ થયેલ છે. આ સ્કીમના પુરસ્કૃત દાતા (સર્વ પ્રથમ પ્રેક્ટીસીંગ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બાલાસિનોર) તેઓ તરફથી આ સ્કીમના રૂા. ૫,૦૦,૦૦૦ની રકમ પ્રાપ્ત થયેલ છે.

તદ્ ઉપરાંત રૂા. ૫૫,૫૫૧/- C.A. Intermediate and C.A. Final

પરિક્ષામાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને પારિતોષિક માટે ફાળવવામાં આવ્યા છે.

**માનદ્‌મંત્રીઓ**

**- મંજુલ શૈલેષ ધારીઆ, જસ્મીન બીપીન શેઠ**

## ઓઢણી

- ઈન્દુ દેસાઈ

આસમાની ઓઢણી ઓઢી શ્યામ વ્હાલો
ઘુમી રહ્યો ગગનમાં
આભની અટારીમાં મલકતા તારલાને
નિરખી રહ્યો ગગનમાં
થનગનતા નાચતા મયુરને પૂછે જઈ રાધા
મારા શ્યામને દીઠો નંદનવનમાં
ઘેલી ગોપીઓના વૃંદને જઈ પૂછે રાધા
મારા શ્યામને દીઠો નંદનવનમાં
સાગરના તરંગોમાં ઉછળતા બિન્દુમાં
શ્વેતના ઘુંઘરવને પૂછે જઈ રાધા
મારી તો ઓઢણી ઓઢી મારો શ્યામ
ભીંતર પેઠો છે મારા ઉરમાં
તારા તો નયનોએ કામણ કર્યું ને
ઊરમાં છલકાયો મારી ભીતરમાં
આસમાની ઓઢણી ઓઢી શ્યામ મારો
ઘુમી રહ્યો ગગનમાં

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર**

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ**

**કે.એમ.જી જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના સુપર સ્પેશીયાલીટી સેન્ટર માટે રૂા. એંસી (૮૦) લાખનું માતબર દાન વચન મળેલ છે.**

**1) Manikoshi Dialysis Centere**
**In Memory of**
**Matushri Kamlaben & Pitashri Laxmidas Chhotalal Modi**
**Courtsey: Kokila S. Modi**

**2) Manikoshi Emergency Centere**
**In Honour of Loving & Caring wife & Mother**
**SAU. Kokila Shirish Laxmidas Modi**
**Courtsey : Sons - Nikhil & Manish**

**દાતાશ્રીઓનો સન્માન સમારંભ**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે દાતાશ્રીઓનો સન્માન સમારંભ આગામી તા. ૫-૩-૨૦૧૭ને રવિવારના રોજ સવારના ૯.૦૦ કલાકે હોસ્પિટલના પટાંગણમાં રાખવામાં આવેલ છે. તો સર્વે દાતાશ્રીઓ, ટ્રસ્ટીઓ તેમજ આજીવન સભ્યશ્રીઓએ સમારંભની શોભામાં અભિવૃધ્ધિ કરવા હાજર રહેવા વિનંતી.

૧) છારી કાઢવાનો કેમ્પઃ તા. ૨૧-૧૦-૨૦૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૨૦ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨) ઈકો કેમ્પઃ તા. ૨૩-૧૦-૨૦૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૨ દર્દીઓના ઈકો રાહત દરથી કરવામાં આવેલ.

**માનદ્‌મંત્રીશ્રીઓ- શ્રી રાજેન્દ્ર દેસાઈ,**
**શ્રી નિતીન પરીખ**

# મારે સંગીતને જાણવું છે

- મનીષા શાહ

**ગયા અંકમાં આપણે થાટ વિશે જાણ્યું.**

આજે થાટને ધ્યાનમાં લઈ તેમાંથી ઉત્પન થાય અનેક રાગ.

ઓછામાં ઓછા પાંચ અને વધારેમાં વધારે સાત સ્વરોની સુંદર રચના જે કાનને સાંભળવાની ગમે અને જેમાં સ્વરો ક્રમાનુસાર ન પણ જાય, પણ આપણને જે રંજકતા, મધુરતા લાગે તે સુંદર રીતે ગાઈ શકીએ તેને કહેવાય **રાગ**.

રાગમાં અમુક લક્ષણો એટલે કે વાદી-સ્વર, સંવાદી-સ્વર, ગાયનનો સમય, પકડ, આરોહ-અવરોહ, થાટ શું શું કયા રાગમાં કેવી રીતે હોય છે તેની સમજ આપતા આપતા આપણે રાગને જાણશું.

વાદી સ્વરઃ જે સ્વર રાગમાં સૌથી વધારે વપરાય, જેનો ઘડી ઘડી રાગમાં ઉપયોગ થાય તેને એ રાગનો વાદી સ્વર કહેવાય.

સંવાદી સ્વરઃ જે સ્વર વાદી સ્વર પછી વધારે ઉપયોગમાં લેવાતો હોય તે સંવાદી સ્વર. વાદી પછી બીજો મહત્વનો સ્વર.

આરોહઃ જ્યારે રાગમાં સ્વરોની ચઢતી થતી હોય ઉપર જતો સ્વર થાય ત્યારે તે ક્રમને આરોહ કહેવાય.

અવરોહઃ જ્યારે રાગનાં સ્વરોની ઉતરવાની એટલે કે નીચે આવવાની ચલનને અવરોહ કહેવાય.

ગાયનનો સમયઃ પ્રાતકાળ સંધિકાળ, સંધ્યાકાળ અને રાત્રિ હોય શકે. સંધિકાળ એટલે ૪ થી ૭ સવારે (સૂર્યોદય - સૂર્યાસ્તની સંધી) અને જે ૪ થી ૭ સાંજના અલગ અલગ સ્વરોના ઉપયોગ પ્રમાણે જેમ કે સા થી મ અને પ થી સેં એમાં જ પૂર્વાધ અને ઉત્તરાધ પ્રમાણે તેમના ઉપયોગ પ્રમાણે ગાયનનો સમય નક્કી થાય છે.

શુભારંભ રાગની દુનિયામાં...

રાગ - કલ્યાણ (યમન)

થાટ - કલ્યાણ　　　વાદી - ગાન્ધાર (ગ)

સમય - રાત્રિનો પ્રથમ પ્રહર

સંવાદી - નિષાદ (ની)

આરોહ - નિ રે ગ મ ધ નિ સાં

અવરોહ - સાં નિ ધ પ મ ગ રે સા

પકડ - નિ રે ગ, રે ગ, પ મ ગ રે સા, ધ નિ રે સા

આ રાગને બે નામથી ઓળખાય છે. યમન અથવા કલ્યાણ મ એટલે મ તીવ્ર આ રાગની ખાસિયત છે. બાકી બધા સ્વર શુદ્ધ. આ રાગ થોડો ગંભીર પ્રકૃતિનો હોય છે. તેમાં વધારે ભજન, ધ્રુપદ, નાનો ખ્યાલ અને મોટો ખ્યાલ હોય છે. સૌથી પહેલો સંગીત શીખવતી વખતે આ રાગથી શરૂઆત થતો હોય છે. તેમાં કોઈવાર શૃંગાર રસ પણ થઈ શકે છે.

આ રાગમાં ગવાયેલા ગીતો

રસિક બલમા - ફિલ્મ ચોરી ચોરી

બીતે ના બિતાયે - ફિલ્મ પરિચય

એક પ્યાર કા નગમા - ફિલ્મ કિનારા

વો શામ કુછ અજીબ થી - ફિલ્મ ખામોશી

આ રાગથી પરથી આવેલા ફિલ્મી ગીતો લખવા જોઈએ તો પાનુ ભરાઈ જાય, આ રાગ બહુ જ સુંદર રીતે શૃંગાર અને ગંભીર રસમાં થઈ શકે.

રાગ કલ્યાણમાં થતા આલાપ અને તાન એટલે શું તે આવતાં અંકમાં....

## ચોકલેટ્સ

૧) શ્રી લક્ષ્મીની .......... તો તારતી (૩)

૨) દિવાળીમાં ............. ના તોરણ બંધાય (૫)

૩) આગ વડે ચાલતી બોટ (૪)

૪) સંગેમરમર (તાજમહલની સાચી શોભા) (૬)

૫) રાત્રિનું .............. દર્શન ડૉ. રાવલ સાથે કરજો. (૩)


૬) મહાત્માજીનું ........... સર્વને આકર્ષે છે (૫)

૭) ......... અઠ્ઠની, ખર્ચા રુપૈયા, (૪)

૮) ............. એક કરી નાખ્યા, ત્યારે માંડ આટલું પામ્યા ! (૬)

જવાબઃ (૧) આરતી, (૨) આસોપાલવ, (૩) આગબોટ, (૪) આરસપહાણ, (૫) આકાશ, (૬) આભામંડળ, (૭) આમદાની, (૮) આકાશપાતાળ

## 'આ' પરથી શરૂ થતી વિગત ઉકેલો




## તુજને મળવા

**- પ્રવિણા અવિનાશ**

હું આવી છું દોડીને મળવા તુજને
કૃપા કરીને શ્રીજી આજે અપનાવી લે તું મુજને
તારા દર્શનનું પ્યાસું હૈયુ મારું તૃપ્ત થયું
અપનાવીલે દાસને આજે જીવન મારું સફળ થયું
તારું સુમિરન હરદમ આ દિલમાં વસ્યું
શરણે આવી મોહ, માયાને આસક્તિ વિસરી ગયું
તારા દીધેલ આ જીવનને કેમ કરી સાર્થક કરું
માર્ગ બતાવી, ઈશારો કરજે આંખ મીંચીને ચાલી આવું

**હ્યુસ્ટન ટેકસાસ**
**અમેરિકા**

## હીંડોળા ખાટ

## - બાલાસિનોરને શોધો -

| | |
|---|---|
| ૧) મદનમોહન મંદિર | ૧ વીરપુર રોડ |
| ૨) નવાબનો બંગલો | ૨. ક્રિકેટ મેદાન |
| ૩) પ્રાથમિક શાળા | ૩. સલીયાવડી પાર્ક |
| ૪. તુલસીદાસ મોહલ્લો | ૪. પટેલવાડા |
| ૫. દૂધની ડેરી | ૫. નિશાળ ચોક |
| ૬. કાંતિલાલ પાર્ક | ૬. સુદર્શન તળાવ |
| ૭. બહુચરમાતાનું મંદિર | ૭. ગોલવડની શેરી |
| ૮. કે.જી.એમ.હોસ્પિટલ | ૮. હોળી ચકલા |

જવાબ :- ૧-૭, ૨-૬, ૩-૫, ૪-૮, ૫-૪, ૬-૨, ૭-૩, ૮-૧

## પ્રકીર્ણ વિભાગ

### મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| રજનીકાંત શાંતીલાલ દોશી | ૮૩ |
| કનકલતા ચંદ્રકાંત દોશી (ડોબુ) | ૭૮ |
| (અમદાવાદ) મણીકાંત સાંકરલાલ ગાંધી (કલકત્તાવાળા) | |
| દિપ્તી પરાગ પરીખ (રોકડીયા) | |
| સતીષ મોહનલાલ ગાંધી | ૬૪ |
| મંજુબેન નવનીતલાલ પરીખ | ૮૫ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

**નોંધ: જ્યોતિપુંજના પોસ્ટિંગમાં તકલીફ થતી હોવાને લીધે ૩૬ પાના સુધી મર્યાદા સીમીત રાખી છે. સર્વ સંસ્થા તથા સમાજના લોકોને વિનંતી તમામ વિગતો મુદ્દાસર, ટૂંકમાં લખી મોકલવી.**

### અભિનંદન

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે શ્રી કલ્પેશ તથા કૃતિક્ષા ગાંધીની સુપુત્રી તથા મહેન્દ્ર અને અરુણા ગાંધીની પૌત્રી કુ. ખુશી ગાંધીને આપણા વડાપ્રધાન, માનનીય નરેન્દ્ર મોદી દ્વારા આરંભ કરવામાં આવેલ. **'નમામી ગંગે'** નામના અભિયાનમાં નૃત્ય ગ્રુપમાં સહભાગી થવાનો અવસર પ્રાપ્ત થયો હતો.